# ટ્રેક નં. ૭૦ : પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મંગલ સમ્યક્ વચનો (મુમુક્ષુઓના સ્વરમાં)

❀ આ છે પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી નીકળેલ અમૂલ્ય રત્નો સમ, નાના નાના મંગલ સમ્યક્ વચનો. પણ છે બાર અંગના રહસ્યોનો સાર. ચાલો શરૂ કરીએ 'મંગલ સમ્યક્ વચનો'...'મંગલ સમ્યક્ વચનો'.

❀ માંગલિક :

❀ ભક્તિ : વચનામૃત અમૃત છે માતા, ધ્રુવ રાજાના સંદેશ,
એમાં છે ધ્રુવ રાજાના સંદેશ.

૧. પુરુષાર્થ કરવાનો ભાવ તે ઉપાદાન છે.
૨. તું પરમાત્મા, તું ભગવાન, તું જાગ.
૩. આત્મા જ્ઞાયક દેવ છે. દેહાતીત ભગવાન છે.
૪. જીજ્ઞાસુને ક્રમબદ્ધના વાયદા અને બંધન ન હોય.
૫. હું તો શાશ્વત એક આત્મા. બીજા બધા સંયોગ લક્ષણ.
૬. જેને આત્માની લગની લાગી છે, તેને સંતોષ ન થાય ક્રમબદ્ધથી.
૭. જે વાયદા કરે એને આત્માની લાગી જ નથી.
૮. તું પુરુષાર્થ કર તો ભગવાને તારા ભવ જોયા જ નથી.
૯. જે કરવાનું તો એક જ છે 'જ્ઞાયકને ઓળખો.'
૧૦. નિરાળો થવાનો પ્રયત્ન હોય તો નિરાળો થાય, તો વિકલ્પ તૂટે.
૧૧. સહજ ગતિ અજ્ઞાન દશામાં ચાલુ થતી નથી. સહજ દશા થાય ત્યારે સહજ પ્રયત્નની ગતિ થાય.
૧૨. જે ફર્યા છે તે વિકલ્પોની હારમાળા તોડીને પોતે જ ફર્યા છે.
૧૩. તું કાંઈ પરદ્રવ્યનું ફેરવી શકતો નથી. તું કર્તાબુદ્ધિ છોડી દે, તું જ્ઞાયક થઈ જા.

૧૪. પોતે પોતામાં કાંઈ નથી કરી શકતા, તો બીજાનું શું કરી શકે?

૧૫. પોતે જ માર્ગને ભૂલીને રખડ્યો છે.

૧૬. એક જ્ઞાયકનું સાનિધ્ય સાધી લ્યો.

૧૭. જે રોકાય તે પુરુષાર્થની મંદતાથી રોકાય છે. જે આગળ જાય તો તે પુરુષાર્થથી જાય.

૧૮. પોતે સ્વતઃ સિદ્ધ, અનાદિ અનંત, તેમાં કોઈનો પ્રવેશ નથી.

૧૯. સૂક્ષ્મ ઉપયોગ કરીને પોતાના જ્ઞાન લક્ષણથી ઓળખે તો પોતે જ છે. પકડાય એવો છે.

૨૦. અસ્તિત્વ પોતાનું મોજુદ જ છે.

૨૧. પોતે પોતાને ભૂલી ગયો એ એક આશ્ચર્યની વાત છે. મોટું અંધેર છે.

૨૨. પોતે ચૈતન્ય, ચૈતન્યના ગુણોમાં વસી જાય એજ વિશેષતા છે.

૨૩. જ્ઞાયકની મહિમા લાગવી જોઈએ. જ્ઞાયકમાં આનંદ આવવો જોઈએ, તો એમાં ટકી શકે.

૨૪. રોગ બધા શરીરમાં આવે છે, જ્ઞાયકમાં આવતા નથી.

૨૫. જિંદગીમાં સંસ્કાર નિરાળાપણાના કર્યા હોય તો છેવટે નિરાળાપણું રહે છે. વેદના વખતે પણ નિરાળો રહે છે.

૨૬. આ જડ(શરીર)ને ગમે તેટલું સાફ કરીશ તો પણ એમાંથી કંઈ ચૈતન્ય આવવાનું નથી.

૨૭. હું તો ચૈતન્યની નિધિથી ભરેલો છું. તેમાં મોહ પણ નથી, તો શરીર ક્યાંથી હોય?

૨૮. જેમ ઝાકળના બિન્દુ તરત દેખાય, તરત વિલય પામે. વિજળીના ઝબકારા જેવું મનુષ્યજીવન છે. એમાં આત્માનું કરી લેવા જેવું છે.

૨૯. પરિણતિ બહાર દોડે ને, જ્ઞાયક પ્રસિદ્ધ કેવી રીતે થાય?

૩૦. ભગવાનનો અને ગુરુદેવનો ઉપદેશ તો અસીધારા જેવો છે. પોતે તૈયાર થાય તો જ્ઞાન અને રાગના બે ટુકડા થઈ જાય.

૩૧. જ્ઞાયક, જ્ઞાયક કરતો આગળ જાય તો, જ્ઞાયક પ્રસન્ન થયા વગર રહેતો જ નથી.

૩૨. સ્વાનુભૂતિના કાળે ચૈતન્ય ચૈતન્યમય પરિણમી ગયો હોય છે.

૩૩. સહજ પરિણતિ તો સ્વાનુભૂતિ થાય ત્યારે જ થાય છે.

૩૪. મંદકષાય અને સ્વાનુભૂતિને અંધકાર અને પ્રકાશ જેટલો ફેર છે.

૩૫. બ્રહ્મનાદ એ કોઈ નાદ કે કોઈ અવાજ નથી. બ્રહ્મસ્વરૂપ આત્મા જ છે. બ્રહ્મ સ્વરૂપ પોતે અંતરમાં જાય, પોતાના સ્વરૂપને વેદે, સ્વાનુભૂતિ કરે તે બ્રહ્મનાદ છે. આ તો વેદન છે. બહારનો કોઈ અવાજ નથી.

૩૬. જેવો આત્મા છે તેવું જ વેદન થાય, તેને સ્વાનુભૂતિ કહે છે.

૩૭. જ્ઞાનથી ભરેલો જ્ઞાયક છે. તેમાં શું ન સમજાય?

૩૮. આત્માનો આનંદ જેમાં અનુભવે એનું નામ અનુભૂતિ.

૩૯. આત્મા પ્રગટે તો કર્મ ખપે.

૪૦. સમ્યગ્દર્શન થાય ત્યારે યથાર્થ રાગની હેયબુદ્ધિ આવે, કર્તાપણું છૂટે, જ્ઞાતાપણું આવે.

૪૧. કર્મને પોતે બાંધવા જતો નથી અને કર્મને પોતે છોડવા જતો નથી.

૪૨. જેટલી જ્ઞાતાધારાની ઉગ્રતા એટલી સંવર, નિર્જરા.

૪૩. શુદ્ધતારૂપે પોતે જ પરિણમન કરે તો છૂટી જાય.

૪૪. જ્ઞાયકતા પ્રગટી એને કહેવાય કે વિજ્ઞાનઘન વધતો જાય, આસ્રવ છૂટતો જાય.

૪૫. ભેદજ્ઞાન થાય ત્યાં જ દર્શનમોહને લગતો રાગ મંદ થઈ જાય.

૪૬. ચૈતન્ય ભગવાનનું વારંવાર રટણ કરે, ચૈતન્ય ભગવાનની ભક્તિ કરે, તો ચૈતન્ય ભગવાન પ્રસન્ન થયા વગર રહેતો નથી.

૪૭. પોતે પુરુષાર્થ કરે, એટલે પોતે નિર્મળતા રૂપે પરિણમે તો અશુદ્ધતા ટળી જાય છે. કર્મ છૂટી જાય છે.

૪૮. સાચું તપ તો આત્માને ઓળખે ત્યારે થાય. તપ કરે તો આત્મા ઓળખાય એવું નથી.

૪૯. ભવનો અભાવ તો એક આત્માને ઓળખે તો થાય.

૫૦. દ્રવ્યમાં અશુદ્ધતા નથી, પર્યાયમાં અશુદ્ધતા છે. અશુદ્ધતા ટાળવા માટે અંદર ભેદજ્ઞાન કરે, અંદર લગની લાગે, ક્યાંય સાર ન લાગે, આત્મામાં જ સાર લાગે તો વિભાવથી જુદો પડે, અશુદ્ધતા ટળે.

૫૧. બધો ખજાનો આત્મામાં ભરેલો છે. એને ઓળખીને, એનો મહિમા લાવીને, અંદર સ્વરૂપનું ધન પ્રગટ કરો તે 'ધનતેરસ' છે

૫૨. કેવળજ્ઞાનીને પોતે પોતામાં વાસ કરતાં, પોતાના ચૈતન્ય જગતમાં રહેતા બહારનું જગત સહેજે જણાય છે.

૫૩. ઘર જોયું નથી, પણ ઘર જોવાનો પ્રયત્ન કરે તો થઈ શકે છે. ઘર તો પોતે જ છે.

૫૪. કેવળજ્ઞાનીનું જ્ઞાન સહજ ઉપયોગાત્મક થઈ ગયું હોય છે. પરિણતિરૂપે થઈ ગયું છે.

૫૫. આશ્ચર્યનો પિંડ અને આનંદકારી તત્ત્વ તું પોતે જ છે એમ નક્કી કર તો એ અસ્તિત્વમાં જણાય એવો છે. જગતમાં કોઈ પદાર્થ સાથે એને મેળ નથી.

૫૬. હું જાણનારો છું. એ બધું જાણી શકે એમ છે. કાંઈ ન જાણે એમ નથી.

૫૭. મૂળ વસ્તુ એટલે ઉપાદાન અને સાથે હોય તે નિમિત્ત.

૫૮. ચૈતન્યદેવ અનંત ગુણ રત્નોથી ભરેલો છે. એમાં ગુણ રત્નો અનંત છે. એનો પાર ન આવે તો રત્નાકરની શું વાત કરવી?

૫૯. વિભાવનો સ્વાદ તે આકુળતારૂપ છે. આત્માનો સ્વાદ શાંતિરૂપ છે.

૬૦. દ્રવ્ય જે હોય એને સ્વભાવની મર્યાદા ન હોય.

૬૧. પર્યાયે જે દ્રવ્યનો આશ્રય લીધો એ છૂટતો નથી. સહજ છે. એને વિકલ્પ કરીને આશ્રય લેવો પડતો જ નથી.

૬૨. દ્રવ્ય તો એવું હોય કે જે શાશ્વત અને અનંત શક્તિવાળું હોય.

૬૩. જેને આત્માનું પ્રયોજન હોય તેને બધા કષાયો ગૌણ થઈ જાય છે.

૬૪. વસ્તુ તો એનું નામ કહેવાય કે જેના સ્વભાવમાં ફેરફાર થાય નહીં.

૬૫. સ્વભાવ મારો ભગવાન જેવો, પણ પર્યાયમાં પામર છું. એવી ભાવના રાખીને આગળ જાય, તો એને કોઈ રોકતું નથી.

૬૬. સૂક્ષ્મમાં સૂક્ષ્મ શુભભાવો પણ મારું સ્વરૂપ નથી.

૬૭. જે માર્ગ ગુરુદેવે બતાવ્યો છે તે માર્ગ વિચારીને ગ્રહણ કરે એ જ ગુરુદેવની આજ્ઞા છે.

૬૮. શુદ્ધનયનો વિષય તો પોતે પોતાને—એક ચૈતન્યને ગ્રહણ કરે એમાં બધું આવી જાય.

૬૯. આ કોઈ કોઈને દેખાડવાનો કે સંતોષાઈ જવાનો માર્ગ નથી.

૭૦. જ્ઞાન બધું કરવું પણ ગ્રહણ કરવો એક આત્માને.

૭૧. આ પંચમકાળમાં ગુરુદેવ મળ્યા અને જે માર્ગ બતાવ્યો એ ધનને તું સાચવી રાખજે.

૭૨. આત્મા જ્ઞાયક તે જ્ઞાયક જ છે. પરને જાણે તે જ્ઞાયક એમ નથી.

૭૩. ગુરુદેવનો મહા જોરદાર ઉપદેશ હતો. નિમિત્ત તો મહા બળવાન હતું, પણ દરેકની લાયકાત પ્રમાણે, એની તૈયારી પ્રમાણે ગ્રહણ થાય.

૭૪. પ્રયોજનભૂત જ્ઞાન હોય દ્રવ્ય, ગુણ, પર્યાયનું તો પણ આત્માને ઓળખી શકે છે.

૭૫. થોડુ સમજે, પણ અંદર પોતાને સમજે તો થઈ શકે એવું છે.

૭૬. જ્ઞેય એમ કહેતું નથી કે તું મને જાણ. જ્ઞાન પોતે પોતાથી જાણે છે.

૭૭. આત્માની પદવી, અપૂર્વ અનુપમ છે.

૭૮. રુચિને મંદ પડવા ન દેવી એ પોતાના હાથની વાત છે.

૭૯. આત્મા તરફ પરિણતિ જાય, એ દુનિયા જુદી છે અને વિભાવની દુનિયા જુદી છે.

૮૦. એક આત્માની અભિલાષા જ જેને મુખ્યપણે વર્તે છે તે મુમુક્ષુ છે.

૮૧. પ્રથમ શુભ પછી શુદ્ધ એમ નહીં, પણ શુદ્ધ હોય તો વચ્ચે શુભ આવે જ.

૮૨. અંતરમાં રુચિના બીજ ઊંડા જાય, તો તે ક્યારેય જતા નથી.

૮૩. રાગ તો કોઈ રીતે આદરણીય નથી. દર્શનમોહનો કે ચારિત્રમોહનો. એક સૂક્ષ્મ સંજ્વલન રાગ પણ આદરણીય નથી. યથાર્થ પ્રતીતિમાં તો એ, હેયબુદ્ધિએ સહજ આવી જાય છે.

૮૪. ખરી પાણી પીવાની તરસ લાગે તો, એ પાણી ગોત્યા વગર રહેતો જ નથી. એમ ખરી લગની, ધગશ, તમન્ના લાગે. 'જ્ઞાન તે જ હું છું' એમ નિઃશંક થાય તો પ્રગટે જ.

૮૫. અંદર જે પરિણામો થાય છે, વિકલ્પની જાળ ચાલે છે, એનાથી છૂટું પડવું અઘરૂં છે. જ્ઞાયકને ઓળખવો તો એનાથી સૂક્ષ્મ છે, છતાં પોતાનો સ્વભાવ છે તેથી પ્રાપ્ત થાય જ.

૮૬. દૃષ્ટિને એક ચૈતન્ય ઉપર સ્થાપી દે.

૮૭. અશુદ્ધતા પર્યાયમાં નથી? તો પુરુષાર્થ શેને માટે?

૮૮. દૃષ્ટિ અસ્તિત્વ ગ્રહણ કરે છે. દૃષ્ટિમાં વિકલ્પ નથી, ભેદ નથી.

૮૯. ક્ષમા, માર્દવ, આર્જવ વગેરે દસ ધર્મો આત્માના સ્વભાવ છે. મુમુક્ષુની ભૂમિકામાં તે આદરવા યોગ્ય છે. જ્ઞાયકના ધ્યેયપૂર્વક જ્ઞાનથી, જ્ઞાનની કળા પોતે જ પ્રગટ કરી શકે છે.

૯૦. સમ્યક્ એકાંત એટલે એક દ્રવ્ય ઉપર જ દૃષ્ટિનું જોર મૂકવું.

૯૧. 'જ્ઞેયનું આલંબન હોય તો જ મારૂં જ્ઞાન છે' એમ નથી. હું તો જ્ઞાનનો પુંજ છું. સ્વતઃ સિદ્ધ છું.

૯૨. એક સામાન્ય ઉપર જોરથી શ્રદ્ધા રાખ કે 'આ હું છું. આ હું જ છું.'

૯૩. જ્ઞાનગુણ પરિણમીને મારામાં પર્યાય આવે છે. જ્ઞેય પરિણમીને મારામાં પર્યાય આવતી નથી, જણાય છે સ્વ અને પર બેય.

૯૪. જે ધ્રુવ હોય તેનો આશ્રય લેવાય.

૯૫. આત્મા તો જ્ઞાનઘન છે, આનંદઘન છે. એમાં બહારનો કોઈ પદાર્થ પ્રવેશ કરતો નથી.

૯૬. સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિમાં બધો જ ત્યાગ થઈ ગયો છે.

૯૭. પારિણામિક ભાવ તો કેવો સરસ છે! અનાદિ અનંત પૂજનીય પારિણામિક ભાવ છે. દ્રવ્યની સદૃશ્ય પર્યાય છે.

૯૮. પુરુષાર્થ કરતાં થાક લાગે તો દૃઢતા બરાબર રાખીને આગળ જવાનો પ્રયત્ન કરવો.

૯૯. જગત જગતનું છે અને ભગવાન ભગવાનમાં છે.

૧૦૦. યથાર્થ શ્રદ્ધાન કરે, પછી જ ભેદજ્ઞાન હોય.

૧૦૧. જે ભવની અંદર આત્માનું થાય તે સફળ છે. જીવનમાં અપૂર્વતા પ્રગટ કર, તો જીવન લેખે છે.

૧૦૨. મારો આત્મા કેમ મળે એવી જીજ્ઞાસુને ખટક રહે છે.

૧૦૩. પોતાની દુનિયા જુદી છે, લોકાલોકથી જુદી છે. આત્મા અંદર અનંતતાથી ભરેલો છે તેને જો.

૧૦૪. અંતરમાં અંતરચક્ષુ ખોલીને જોવાનું છે.

૧૦૫. જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કર્યો, પણ પોતે રૂડો થતો નથી.

૧૦૬. પોતાની દૃષ્ટિની ભૂલે, અંદર આનંદ સાગર ભર્યો છે તે દેખાતો નથી?

૧૦૭. બહારની મોટાઈ કરવા કરતાં 'હું પોતે જ મહિમાનો ભંડાર છું' એમ કર.

૧૦૮. સાચી અપૂર્વતા તો, ભેદજ્ઞાન થાય ત્યારે કહેવાય.

૧૦૯. 'હું ચૈતન્ય છું' એમ પોતાની પ્રજ્ઞાથી ગ્રહણ કરીને, એકાગ્રતા થવી જોઈએ. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને, ધ્યાન થવું જોઈએ.

૧૧૦. શાસ્ત્ર સ્વાધ્યાય કરે, પણ અંદરથી અલગ ન કરે, તો કોઈ ફાયદો નથી.

૧૧૧. જાણનારો સ્વયં બિરાજે છે, તેના ઉપર દૃષ્ટિ દે.

૧૧૨. સાચું જ્ઞાન એટલે લુખું જ્ઞાન નહીં, પણ હૃદય ભીંજાયેલું હોય, તો જ્ઞાન કામ કરે.

૧૧૩. વિકલ્પ વિકલ્પમાં છે, આત્મા આત્મામાં છે, એવી સહજ ધારા હોવી જોઈએ.

૧૧૪. સંકલ્પ વિકલ્પ વચ્ચેથી જાણનારને ગોતી લેવો.

૧૧૫. અંતરમાં વીતરાગ દશા હોય અને પૂર્ણ તત્ત્વ હોય, એમાં ઠરી જાવ. એમાં મારો આખો જ્ઞાયક પ્રગટી જાય. એ જ ભાવના આત્માર્થીને હોય.

૧૧૬. સાધ્ય એક પૂર્ણ આત્મા લક્ષમાં હોય, તો પણ સાધક દશા વચ્ચે આવે જ.

૧૧૭. મુક્તિના માર્ગમાં નિશ્ચયપૂર્વક વ્યવહાર છે. દૃષ્ટિ વ્યવહારનો નિષેધ કરે, પણ પર્યાય તો હોય જ.

૧૧૮. સમ્યગ્દૃષ્ટિ ભાવના ભાવે છે કે ક્યારે પૂર્ણ વીતરાગતા થાય?

૧૧૯. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાપૂર્વક અસ્થિરતાનો ખ્યાલ હોય તો સાધના સધાય છે. પણ સાધના બાકી છે એટલે પુરુષાર્થની દોરી હાથમાં છે.

૧૨૦. મુમુક્ષુ દશામાં વૈરાગ્ય હોય તે ભાવનાપૂર્વક હોય. સમ્યગ્દર્શન પછી જ યથાર્થ વૈરાગ્ય હોય.

૧૨૧. સાચા દેવ અને ગુરુ મળ્યા નથી કારણ કે સાચા ભાવથી સ્વીકાર્યા નથી.

૧૨૨. સોનામાંથી સોનાના જ દાગીના થાય, તેમ મંદ કષાયથી વીતરાગતા ન આવે. સ્વભાવમાંથી જ વીતરાગતા આવે.

૧૨૩. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને અંદરથી સ્વીકારે તો મોક્ષ થયા વગર રહે જ નહીં. 'સ્વીકારે' એટલે આત્માને ઓળખીને સ્વીકારે.

૧૨૪. જાતિસ્મરણ એ વૈરાગ્યનું કોઈને કારણ થાય, કોઈને તેમાંથી પુરુષાર્થ ઉપડી જાય છે.

૧૨૫. કેવો મૂરખ બની રહ્યો છે અનાદિકાળથી ! 'ભિક્ષાર્થે ભમે રાજા' એવી દશા છે.

૧૨૬. પોતાની ગતિ પોતે પકડી લે.

૧૨૭. પોતાનો સ્વભાવ એ જ દૃઢ સંસ્કાર!

૧૨૮. સ્વભાવ સુલભ છે, પણ અનાદિનો અભ્યાસ બીજો, તેથી દુર્લભ લાગે.

૧૨૯. મને ઊંડા સંસ્કાર છે કે નહીં, તે પોતે જ ઓળખી શકે.

૧૩૦. વિકલ્પ છૂટીને, જે આનંદ આવે તે જુદો હોય છે, તે સ્વભાવમાંથી પ્રગટ થાય છે.

૧૩૧. એને ગ્રહણ કરવાથી, જીવને આનંદ પ્રગટે એવો પૂજનીય પારિણામિક ભાવ છે.

૧૩૨. 'સ્વાધીન' એનું નામ હોય છે, જેને પર પદાર્થના આશ્રયની જરૂર નથી.

૧૩૩. આત્માને ગ્રહણ કરે તો, 'આત્મામાં ગમ્યું' કહેવાય.

૧૩૪. આસ્રવોથી નિવૃત્તિ અને જ્ઞાનઘન આત્મા બેય એક સાથે જ થાય છે.

૧૩૫. ખરે ટાણે અંદર જ્ઞાયક હાજર થાય, એ જ ખરૂં છે. અંદર વેદના વખતે પણ શાંતિ રહે.

૧૩૬. અંતરમાં નિર્વિકલ્પ તત્ત્વ, હું તો રાગ વગરનો જ્ઞાયક.

૧૩૭. આત્માર્થીને કષાય મંદ હોય છે.

૧૩૮. વિભાવ પોતાને નથી જાણતો અને બીજાને નથી જાણતો. આત્મા પોતાને અને પરને પણ જાણે છે.

૧૩૯. છાશમાંથી માખણ અને માખણમાંથી ઘી થાય. પણ ઘીમાંથી માખણ, કોઈ રીતે ન થાય. તેવી રીતે સિદ્ધદશા પ્રગટ થાય પછી રાગદ્વેષની દશા ક્યારેય ન આવે.

૧૪૦. સોનગઢના કાંકરે કાંકરે ગુરુદેવના પગલાં!

૧૪૧. ગુરુદેવની વાણી એવી રસબસતી, એમના પડકારથી પરિણામ ફરી જતાં.

૧૪૨. ગુરુદેવ તો મંગળમૂર્તિ હતાં. જ્યાં પધારે ત્યાં મંગળ. ગુરુદેવનો આત્મા મંગળ.

૧૪૩. શુભભાવમાં દેવ-ગુરુ-શાસ્ત્ર જ આશ્રય છે, અને અંતરમાં આત્માનો આશ્રય છે.

૧૪૪. જ્ઞાયક જુદો ન રહે તો ભ્રાંતિ થાય, એકત્વબુદ્ધિ થાય.

૧૪૬. આત્માને જાણે ત્યારે કલ્યાણ થાય.

૧૪૭. નિર્વિકલ્પ ઉપયોગમાં ધ્રુવ અને પર્યાય બન્ને જણાય છે. જેમ છે એમ જણાય છે. સહજ જણાય છે. સ્વ-પરપ્રકાશકજ્ઞાન છે.

૧૪૮. મતિજ્ઞાનમાં સામાન્ય જણાય તેમાં દ્રવ્ય, ગુણ, પર્યાય બધું આવી જાય છે.

૧૪૯. પોતે દ્રવ્ય પર દૃષ્ટિ કરવી, જ્ઞાનનો ઉપયોગ બહાર જાય છે એ પોતા તરફ લાવવો, એ પુરુષાર્થપૂર્વક જ થાય છે.

૧૫૦. જેનો જેવો પુરુષાર્થ એવું એનું ક્રમબદ્ધ!

૧૫૧. જ્ઞાયક થઈ જા, એમાં પોતાનો પુરુષાર્થ જ આવી ગયો.

૧૫૨. 'જાણવું' એનું નામ કહેવાય કે જેમાં 'નહીં જાણવું' નહીં જ આવે, એટલે કે એમાં બધું જાણવું જ આવે છે.

૧૫૩. કેવળજ્ઞાની તો, પૂર્ણ સાધક દશાની પરાકાષ્ઠા હોય, એવી ઉત્કૃષ્ટદશાને પામ્યા છે.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.